# Career Counselling and Development Centre
## SAURASHTRA UNIVERSITY
104, 1st Floor, Academic Centre, B/h. Central Bank of India.
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281 - 2587144, ccdcsauni@yahoo.co.in

CCDC

Re-Accredited Grade B by N A A C (CGPA 2.93)

*Co-ordinator*
Dr. Nikesh A. Shah


Ref. :
Date : 8/9/2015

## પ્રેસનોટ

**કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (CCDC) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા IBPS CWE CLERK-V ની અંદાજે ૫૦ હજાર અને ગુજરાતમાં ૮૫૦૦ જગ્યા માટેની પરીક્ષાનાં તાલીમ વર્ગોની બેચ–૨ ૨૧ મી સપ્ટેમ્બર થી શરૂ કરાશે.....**

**મર્યાદિત સંખ્યામાં પ્રવેશ અપાશે.**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેરિયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) દ્વારા આગામી તા. ૦૮/૦૯/૨૦૧૫ થી IBPS CWE CLERK-V ની પરીક્ષાની તૈયારી માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે કોચીંગ વર્ગો શરૂ કરેલ છે. IBPS અંતર્ગત અંદાજે ૨૦ બેંકો જોડાયેલ છે. આ તાલીમ વર્ગની બીજી બેચ તા. ૨૧ સપ્ટેમ્બર થી શરૂ કરવામાં આવનાર છે.

સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માધ્યમથી વિદ્યાર્થીઓ સફળતા પૂર્વક તૈયારી કરી શકે તે પ્રકારે વિષય નિષ્ણાંતો નજીવી રજિસ્ટ્રેશન ફી થી તૈયારી કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓની મહેનત અને વિષય નિષ્ણાંતોનું માર્ગદર્શન સાથે સી.સી.ડી.સી. ના આયોજનથી મોટાભાગની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સી.સી.ડી.સી. ના તાલીમાર્થીઓ ૨૫ થી ૩૦% પરિણામ લઈ આવે છે. સી.સી.ડી.સી.ના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સુંદર દેખાવ થકી દરેક પ્રકારની પરીક્ષાઓમાં યુનિવર્સિટીને ગૌરવ અપાવેલ છે.

જાન્યુઆરી માસમાં યોજાનાર IBPS CWE CLERK-V પરીક્ષા માટે સી.સી.ડી.સી. ખાતે તા. ૨૧/૦૯/૨૦૧૫ થી સવારે ૯ થી ૧૧ (દરરોજ બે કલાક) બેચ–૨ તાલીમ વર્ગોનું આયોજન કરાયેલ છે. આ તાલીમ વર્ગમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ તા. ૧૬/૦૯/૨૦૧૫ સુધીમાં ટોકન ફી સાથે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોય વહેલા તે પહેલાના ધોરણે જગ્યા હશે ત્યાં સુધી પ્રવેશ આપવામાં આવશે.

આ તાલીમ વર્ગમાં જનરલ અવરનેસ એન્ડ રીઝનીંગ, કોમ્પ્યુટર નોલેજ, ન્યુમેરીકલ એબીલીટી, કવોન્ટીટેટીવ એપ્ટીટયુડ અને અંગ્રેજીના વિષયોની તૈયારી વિષય નિષ્ણાંત મારફત કરાવવામાં આવશે. આ તાલીમ વર્ગમાં જોડાનાર વિદ્યાર્થીઓને વિનામુલ્યે રાષ્ટ્રીય કક્ષાનાં પબ્લીકેશનની એક પુસ્તક પણ તૈયારીમાં ઉપયોગી થાય તે માટે આપવામાં આવનાર છે.

કોચીંગ વર્ગો અંગે વધુ માહિતી માટે સી.સી.ડી.સી., ૧૦૪, એકેડેમિક સેન્ટર, પ્રથમ માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ ખાતે સંપર્ક કરવા વિનંતી.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(ડો. નિકેશ એ. શાહ)

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)